# કમિશ્નર ગ્રામ વિકાસ, (ગુજરાત રાજ્ય) ની કચેરી

બ્લોક નં. ૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨ ०૧૦.

## મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (MNGNREGS) હેઠળ ઓન-લાઈન કોમ્પ્યુટર પરીક્ષાથી ગ્રામ્ય, તાલુકા તથા જિલ્લા કક્ષાએ કરાર આધારિત ફિક્સ વેતનની જગ્યાઓની ભરતી

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (MNGNREGS) હેઠળ ગુજરાત રાજ્યમાં ઓન-લાઈન કોમ્પ્યુટર પરીક્ષાથી ગ્રામ્ય, તાલુકા તથા જિલ્લા કક્ષાએ કરાર આધારિત ફિક્સ વેતનની નીચે મુજબની જગ્યાઓની ભરતી હાથ ધરવામાં આવેલ છે. રસ ધરાવતા લાયક ઉમેદવારોએ સૌ પ્રથમ ગુજરાતની કોઈપણ તાલુકા પંચાયત કચેરીની ડી.આર.ડી.એ. શાખાએથી રોકડ ફી ભરીને પાસવર્ડ કવર તથા માહિતી પત્રક ખરીદી ઓન-લાઈન રજિસ્ટ્રેશન ફોર્મ ભરવાનું રહેશે.

| જગ્યાનું નામ | લાયકાત અને અનુભવ | કુલ જગ્યાઓ | ફિક્સ પગાર (માસિક) | ઓનલાઈન ટેસ્ટની ફી |
|---|---|---|---|---|
| Gram Rojgar Sewak (ગ્રામ રોજગાર સેવક) | ● ધોરણ ૧૨ (૧૦ + ૨) પાસ<br>● કોમ્પ્યુટરની જાણકારી ફરજિયાત<br>● સ્નાતકને પ્રથમ પસંદગી | ૧૩૭૧૫ | રૂા. ૪,૦૦૦ | રૂા. ૧૦૦ સામાન્ય ઉમેદવારો માટે<br>રૂા. ૫૦* (ફક્ત SC/ ST ઉમેદવારો માટે) |
| Statistical Assistant (આંકડા સહાયક) | ● સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગ સ્ટેટિસ્ટિક્સ અથવા ઈકોનોમીક્સ અથવા ગણિત સાથે<br>● નિવૃત્ત સરકારી કર્મચારી પણ અરજી કરવા માટે લાયક ગણાશે.<br>● કોમ્પ્યુટરની જાણકારી ફરજિયાત | ૨૨૪ | રૂા. ૧૦,૦૦૦ | રૂા. ૪૦૦ સામાન્ય ઉમેદવારો માટે<br>રૂા. ૨૦૦* (ફક્ત SC/ ST ઉમેદવારો માટે) |
| | ● સ્ટેટિસ્ટિક્સ અથવા ઈકોનોમીક્સ અથવા ગણિત સાથે અનુસ્નાતક<br>● નિવૃત્ત સરકારી કર્મચારી પણ અરજી કરવા માટે લાયક ગણાશે.<br>● કોમ્પ્યુટરની જાણકારી ફરજિયાત | | રૂા. ૧૨,૦૦૦ | |
| Accounts Assistant (હિસાબ સહાયક) | ● B.Com. (૫૦% કે તેથી વધુ) અને હિસાબી કામનો બે વર્ષનો ઓછામાં ઓછો અનુભવ<br>● કોમ્પ્યુટરની જાણકારી ફરજિયાત | ૨૨૪ | રૂા. ૧૦,૦૦૦ | |
| Technical Assistant (Taluka) ટેકનીકલ સહાયક (તાલુકા) | ● Diploma Civil<br>● Preference to the candidates having minimum one year experience<br>● કોમ્પ્યુટરની જાણકારી ફરજિયાત | ૧૨૭૮ | રૂા. ૧૩,૦૦૦ | |
| | ● Surveyor ITI<br>● Preference to the candidates having minimum one year experience<br>● કોમ્પ્યુટરની જાણકારી ફરજિયાત | | રૂા. ૮,૦૦૦ | |
| Technical Assistant (District) ટેકનીકલ સહાયક (જિલ્લા) | ● Diploma Civil<br>● Preference to the candidates having minimum one year experience<br>● કોમ્પ્યુટરની જાણકારી ફરજિયાત | ૨૬ | રૂા. ૧૩,૦૦૦ | |
| Assistant Works Manager (સહાયક વર્ક્સ મેનેજર) | ● B.E. Civil<br>● Preference to the candidates having minimum one year experience<br>● કોમ્પ્યુટરની જાણકારી ફરજિયાત | ૨૨૪ | રૂા. ૧૬,૫૦૦ | |

* SC/ST ઉમેદવારના કિસ્સામાં સક્ષમ કચેરી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે તો જ ઓછી ફી નો લાભ મળવાપાત્ર રહેશે અન્યથા પૂરી ફી ભરવાની રહેશે.

**KEY DATES (અગત્યની તારીખો)**

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | તાલુકા કચેરીએથી પાસવર્ડ કવર અને માહિતી-પત્રકનું વેચાણ | ૩-૧-૨૦૧૧ થી ૧૦-૧-૨૦૧૧ (સવારના ૧૦-૩૦ કલાકથી સાંજના ૫ કલાક સુધી) - જાહેર રજાના દિવસ સિવાય. |
| ૨ | ઓન-લાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરવું. | ૪-૧-૨૦૧૧ થી ૧૦-૧-૨૦૧૧ સાંજના ૬ કલાક સુધી. |
| ૩ | તાલુકા કચેરીએ રજીસ્ટ્રેશન ફોર્મ જમા કરાવવું. | ૫-૧-૨૦૧૧ થી ૧૧-૧-૨૦૧૧ સાંજના ૪ કલાક સુધી જાહેર રજાના દિવસ સિવાય |
| ૪ | ઓન-લાઈન પરીક્ષા માટે હોલ ટીકીટ બુકીંગ (Online) | ૭-૧-૨૦૧૧ થી ૧૧-૧-૨૦૧૧ સાંજના ૭ કલાક સુધી |
| ૫ | ઓન-લાઈન પરીક્ષા | ૧૮-૧-૨૦૧૧ થી ૨૨-૧-૨૦૧૧ દરેક દિવસ |

**અગત્યની સૂચનાઓ :** (૧) ગુજરાત રાજયની દરેક તાલુકા પંચાયત કચેરીની ડી.આર.ડી.એ. શાખાએથી રોકડમાં નિયત ફી ભરવાથી પાસવર્ડ સાથેનું કવર તથા માહિતીપત્રક મેળવી શકાશે. (૨) ઉમેદવાર જો લાયકાત ધરાવતા હોય તો, એક કરતાં વધુ જગ્યા માટે અરજી કરી શકશે. પરંતુ, આવા કિસ્સામાં ઉમેદવારે જે તે જગ્યા માટે અલગથી નિયત ફી ભરી પાસવર્ડ કવર મેળવી, અલગથી રજીસ્ટ્રેશન ફોર્મ ભરી અલગથી ઓનલાઈન પરીક્ષા આપવાની રહેશે. (૩) ઉમેદવારે એક જગ્યા માટે એકથી વધુ રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા નહિં. (૪) ડિપ્લોમા સીવીલ ઉમેદવારો ટેકનીકલ આસિસ્ટન્ટ (જિલ્લા) તથા ટેકનીકલ આસિસ્ટન્ટ (તાલુકા) બંને જગ્યા માટે લાયક હોવાથી, એક જ રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાનું રહેશે અને એક જ ઓનલાઈન પરીક્ષા આપવાની રહેશે. વધુ માહિતી વેબસાઈટ : **www.ruraldev.gujarat.gov.in** પર ઉપલબ્ધ છે.

**કમિશ્નર ગ્રામ વિકાસ (ગુજરાત રાજ્ય)**